SAMPLE COPY


STANDARD-11

BIOLOGY

BOARD / NEET

PART-1 | CHAPTER - 1 TO 10





GYANMANJARI CAREER ACADEMY

As per NCERT Syllabus

STANDARD - 11

BIOLOGY

FOR GUJCET, GUJ. BOARD, NEET

: Developed By :

GYANMANJARI CAREER ACADEMY

B - 6300, KALIYABID, BHAVNAGAR - 364002

CONTACT : +91-70690 20211

SAMPLE COPY

COPY RIGHTS :

© All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrievel system of transmitted in any from or by any means, electronic, mechanical, photocopying, recorsing or otherwise without the prior written permission of the publishers.

કોપીરાઈટ કાયદાની કલમ ૬૩ હેઠળ પુસ્તકો કોપી રાઈટેડ છે. અમારા પુસ્તકની ઝેરોક્ષ કરવી કે કરાવવી એ બંને ગંભીર ગુનો છે. આ પુસ્તકનાં લખાણ, શૈલી, ગોઠવણી તથા રજુઆતનો બીજા કોઈ પણ પુસ્તક, મેગેઝિન, ગાઈડ માટે કે બીજી કોઈ પણ રીતે ઉપયોગ કરતાં પહેલાં પ્રકાશક તથા લેખકોની લેખિત મંજૂરી મેળવવી ખાસ જરૂરી છે.

Gyanmanjari Career Academy - Sample Copy

INDEX

Unit - I

CHAPTER - 01 – સજીવ વિશ્વ - The Living World

Theory ... 1.1
Question Paper 1 ... 1.10
Question Paper 2 ... 1.15
Previous Question ... 1.20

CHAPTER - 02 – જૈવિક વર્ગીકરણ - Biological Classification

Theory ... 2.1
Question Paper 1 ... 2.12
Question Paper 2 ... 2.17
Previous Question ... 2.23

CHAPTER - 03 – વનસ્પતિ સૃષ્ટિ - Plant Kingdom

Theory ... 3.1
Question Paper 1 ... 3.12
Question Paper 2 ... 3.18
Previous Question ... 3.24

CHAPTER - 04 – પ્રાણીસૃષ્ટિ - Animal Kingdom

Theory ... 4.1
Question Paper 1 ... 4.16
Question Paper 2 ... 4.23
Previous Question ... 4.30

Gyanmanjari Career Academy - Sample Copy

CHAPTER - 01

સજીવ વિશ્વ

Gyanmanjari Career Academy - Sample Copy


Gyanmanjari Career Academy - Sample Copy

Unit - I

Lesson - 1 to 4

સજીવ વિશ્વમાં વિવિધતા
Diversity in the Living World

જીવવિજ્ઞાન એ સજીવ સ્વરૂપો અને સજીવોની ક્રિયાવિધિનું વિજ્ઞાન છે. જીવંત વિશ્વ એ નવાઇ પમાડે તેવી સજીવોની વિવિધતા ધરાવે છે. પહેલાંનો મનુષ્ય નિર્જીવ દ્રવ્યો (inanimate matter) અને સજીવો વચ્ચેનો ભેદ સરળતાથી સમજી શકતો હતો. આદિ માનવી કેટલાક નિર્જીવ દ્રવ્યો (પવન, સમુદ્ર, અગ્નિ વગેરે) અને પ્રાણીઓ તથા વનસ્પતિઓ પૈકી કેટલાકની પૂજા (deified) કરતો હતો. આવા નિર્જીવ અને સજીવ દ્રવ્યોના બધા જ સ્વરૂપોમાં ઉદ્વિકસીત સજીવોનું સામાન્ય લક્ષણ એ હતું કે તેઓ ડર અનુભવ કરતાં હતાં (sense of awe or fear). માનવીસહિત સજીવોનું વર્ણન માનવ ઇતિહાસમાં ખૂબ જ પછીથી શરૂ થયું. જીવવિજ્ઞાનના માનવકેન્દ્રિત (anthropocentric) દ્રષ્ટિકોણથી સંતૃપ્ત થયેલો સમાજ એ જૈવ વૈજ્ઞાનિક જ્ઞાનમાં મર્યાદિત કે સિમિત પ્રગતિની નોંધણી કરી શકયો છે. પદ્ધતિસર (systematic)ના અને ખૂબ જ મોટા પાયે જરૂરિયાતની બહાર કરાયેલા જૈવસ્વરૂપોના વર્ણન, ઓળખવિધિ (identification), નામકરણ (nomenclature) અને વર્ગીકરણ (classificaiton)ની વિસ્તૃત પદ્ધતીઓ પૂરી પાડી છે. સજીવો-સજીવો વચ્ચેની સમક્ષિતિજ (horizontally) અને લંબ (vertically) બંને રીતેની સામ્યતાઓ ની સમજ અને તેમની ઓળખનો અભ્યાસ એ જ મોટો વળાંક હતો. બધા જ પ્રવર્તમાન સજીવો એકબીજાની સાથે સંકળાયેલા છે અને આ પૃથ્વી પર પહેલાં રહેતા હતા તે તમામ સજીવો સાથે પણ સંકળાયેલા છે, એવા સાક્ષાત્કાર (revelation) થી અહંકારી માનવીનું જૈવવિધતા (biodiversity) ના સંરક્ષણ માટે સાંસ્કૃતિક ગતિવિધિઓ (cultural movements) તરફ ધ્યાન ખેંચાયું. આ એકમના આપેલા પ્રકરણમાં વર્ગીકરણવિદોના પરિપ્રેક્ષ્ય (perspective) માંથી તમે પ્રાણીઓ અને વનસ્પતિઓનું વર્ગીકરણ સમાવિષ્ટ વર્ણન મેળવી શકો છો.



એન્સ્ટ માયર
(Ernst Mayr)
(1904-2004)

Ernst Mayr નો જન્મ 5 મી જુલાઇ 1904 માં કેમ્પટેન-kempten (જર્મની-Germany)માં થયો હતો. હાવર્ડ યુનિવર્સિટીના ઉદ્વિકાસકીય જીવશાસ્ત્રી તરીકે તેઓ ''20 મી સદીના ડાર્વિન'' (Darwin of 20th century) કહેવાતા, કે જેઓ દરેક સમયના 100 મહાન વૈજ્ઞાનિકો પૈકી એક હતા. હાવર્ડ યુનિવર્સિટીમાં આર્ટ્સ અને વિજ્ઞાનપ્રવાહ વિભાગમાં 1953માં જોડાયા અને *Alexamder Agassiz Professor of Zoology Enerius* શીર્ષક સાથે અહોભાવિત થયા. 1975માં નિવૃત થયા. તેમની 80 વર્ષની કારકિર્દી દરમિયાન તેમણે પક્ષીવિદ્ (ornithology), પદ્ધતિસરનું વિજ્ઞાન (systematic), ઇતિહાસ (history) અને તત્ત્વજ્ઞાન (philosophy), જેવા જીવવિજ્ઞાનને લગતા સંશોધનો કર્યા. તેઓએ એકલા હાથે જાતિ વિવિધતાની ઉત્પત્તિ અંગેનો અભ્યાસ કર્યો જે ઉદ્વિકાસકીય જીવવિજ્ઞાનનો આજે પણ મુખ્ય પ્રશ્ન છે. તેઓ જીવશાસ્ત્રીય જાતિઓની વર્ણમાન સ્વીકાર્ય (currently accepted) વ્યાખ્યાના પાયાના સ્થાપક પણ હતા. Ernst Mayr ને જીવવિજ્ઞાનના ત્રણ તાજ (મુગટ) સમા (triple crown of biology) સંશોધનોના માનમાં ત્રણ પુરસ્કારોથી સન્માનીત કરવામાં આવ્યા : જેવા કે *The Balzan Prize in* 1983, *The international Price for Biology in* 1994 *and The Crafoord Prize in* 1999. Ernst Mayr 100 વર્ષની ઉંમરે 2004માં મૃત્યુ પામ્યા.

GyanManjari CareerAcademy - gmacademy.com

Chapter - 1 સજીવ વિશ્વ
The Living World

1.1	સજીવ શું છે ?
1.2	સજીવ વિશ્વમાં વિવિધતા
1.3	વર્ગીકૃત કક્ષાઓ
1.4	વર્ગીકરણનાં સાધનો

Gyanmanjari Career Academy - Sample Copy

CHAPTER - 1 સજીવ વિશ્વ - The Living World

પ્રસ્તાવના :

→ જીવંત વિશ્વ કેવું અદ્‌ભુત છે !

→ જીવંત સજીવોનો વિશાળ વ્યાપ અદ્‌ભૂત છે.

→ અસાધારણ વસવાટ કે જે આપણને મૂક બનાવે છે તે બરફનાં પર્વતો, પાનખર/પર્ણપ્રપાતી જંગલો, સમુદ્રો, મીઠા પાણીનાં સરોવરો, રણ કે ગરમ પાણીનાં ઝરણાંઓ છે.

→ ઝડપવાન ઘોડો (Galloping horse) ની સુંદરતાં, સ્થળાંતર કરતાં પક્ષીઓની સુંદરતાં, ફુલોની ખીણ કે હુમલો કરતી શાર્ક આ તમામ સુંદરતા આપણને તેનાં પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરે છે અને અદ્‌ભૂતતાની ઉતમ સમજ આપે છે.

→ વસતીનાં સભ્યો વચ્ચેનો અને સમુદાયની વસતી વચ્ચેનો પરિસ્થિતીકીય સહકાર તથા તે જ રીતે કોષની અંદર રહેલી આણ્વીય traffic આપણને વિચારતા કરી મૂકે છે કે હકીકતમાં જીવન શું છે ?

→ આ સવાલ બે અવ્યકત પ્રશ્નો ધરાવે છે.

→ પહેલો સવાલ તકનીકી છે કે નિર્જીવ કરતાં સજીવ કઇ રીતે અલગ છે ? અને બીજો Philosophical છે કે જીવનનો હેતું શું છે ?

→ વૈજ્ઞાનીક તરીકે બીજાં પ્રશ્નનો જવાબ શોધવા આપણે પ્રયત્ન નહિં કરીએ.

→ સજીવ શું છે ? તેનાં પર અભ્યાસ કરવાં પ્રયત્ન કરીએ.

1.1 સજીવ એટલે શું ?

What is livings ?

→ જયારે આપણે સજીવની વ્યાખ્યા કરી રહ્યા છીએ ત્યારે આપણે આપણી રૂઢિ અનુસાર સજીવો જે વિશિષ્ટ લક્ષણો ધરાવે છે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

→ સજીવોમાં જોવા મળતાં લક્ષણો જેવાં કે **પ્રજનન, વૃદ્ધિ, વિકાસ, પર્યાવરણ પ્રત્યે તેમની સભાનતા** અને અંતે સાધવામાં આવતું **અનુકુલન,** તેમ છતાં અંતે **મૃત્યુ** જોતાં આપણને વિચાર આવી જાય છે કે સજીવોમાં કેવાં અદ્વિતીય લક્ષણો છે.

→ જેમ જેમ સજીવોનાં લક્ષણો સમજવા ઊંડા પ્રયત્નો કરીએ તેમ તેમ તેમાં વધુ ઉમેરો પણ કરી શકીએ.

→ જેમકે તેઓમાં જોવા મળતી **ચયાપચય ક્રિયાઓ, સ્વયંજનનની ક્ષમતા, સ્વ આયોજન** (Self organise), **અનુકુલન, પારસ્પરીક અસર** વગેરે.

→ આ લક્ષણોને વિગતે જોઇએ.

વૃદ્ધિ :

→ બધા જીવંત સજીવો વૃદ્ધિ પામે છે.

→ જથ્થામાં અને સંખ્યામાં વધવું એ બે જોડાયેલા સજીવનાં લક્ષણ છે.

→ બહુકોષીય સજીવો કોષવિભાજન દ્વારા વધે છે.

→ વૃદ્ધિ દરમિયાન કોષોની સંખ્યામાં વધારો થાય છે, પરિણામે દેહની પેશી, અંગ કે દેહમાં વૃદ્ધિ થાય છે.

→ વનસ્પતિઓમાં વૃદ્ધિ જીવનપર્યત થતી રહે છે જયારે પ્રાણીઓમાં તે કેટલીક ઉંમર સુધી જ જોવા મળે છે. આમ છતાં કોઇ ચોકકસ પેશીમાં ગુમાવેલા કોષોની જગ્યાએ નવા કોષો ઉભેરવા કોષવિભાજન થાય છે.

→ વનસ્પતિમાં વૃદ્ધિ સતત કોષ વિભાજનથી થયા કરે છે.

→ એકકોષી સજીવો પણ કોષવિભાજન દ્વારા વૃદ્ધિ પામે છે.

→ સૂક્ષ્મ દર્શક યંત્રની મદદથી સજીવદેહની બહાર સંવર્ધન માધ્યમ (In vitro culture)માં સામાન્ય રીતે કોષોની સંખ્યા દ્વારા વૃદ્ધિ જાણી શકીએ છીએ.

→ ઉચ્ચ કક્ષાની વનસ્પતિ અને પ્રાણીઓમાં વૃદ્ધિ અને પ્રજનન પરસ્પર રીતે થતી વિશિષ્ટ/નિવારક (Exclusive) ઘટના છે.

→ ખાસ યાદ રાખો, શરીરનાં કદમાં થતા વધારાને વૃદ્ધિ કહેવામાં આવે છે.

→ જો વૃદ્ધિમાં આપણે શરીરનાં કદ ના વધારાને લઇએ તો અજૈવિક/નિર્જીવ ઘટકો પણ વૃદ્ધિ પામતા હોય છે.

→ પર્વતો, ખડકો/શિલાખંડો (Boulders) અને રેતાળ ભૂમી પણ વૃદ્ધિ કરે છે.

→ દ્રવ્યોનો સપાટી પર સંગ્રહ થવાથી આવા અજૈવિક ઘટકો ની વૃદ્ધિ થાય છે.

→ બધા સજીવોમાં વૃદ્ધિ શરીરની અંદરથી થાય છે.

Gyanmanjari Career Academy Sample Copy

→ તેથી વૃદ્ધિ એ સજીવો માટેની જ લાક્ષણીકતા લઇ ન શકાય.

→ એવી શરતો કે જે દરેક સજીવોમાં જોવા મળે અને તેને સમજાવી શકાય અને પછી તે સજીવોનાં લક્ષણો તરીકે લઇ શકાય, મૃત સજીવ વૃદ્ધિ પામી શકે નહીં.

પ્રજનન :

→ બહુકોષી પ્રાણીઓમાં પ્રજનન એટલે પુખ્ત વય પિતૃ જેવા, વધુ કે ઓછાં લક્ષણો ધરાવતી સંતતીને ઉત્પન્ન કરવી.

→ કોઇપણ વિવાદ કે શંકા વગર આપણે તેને લિંગી પ્રજનન કહી શકીએ.

→ સજીવો લીંગી પ્રજનન પણ કરતાં હોય છે અને અલીંગી પ્રજનન પણ કરે છે.

→ ફુગ અલીંગી બીજાણુંઓ દ્વારા ગુણન પામે છે અને સરળતાથી ફેલાય છે. તેઓ લાખો અલિંગી બિજાણુંઓ સર્જે છે.

→ નીમ્નકક્ષાનાં સજીવો જેવાં કે યીસ્ટ અને હાઇડ્રા/જળવ્યાળ માં કલીકાસર્જન (Budding) જોવા મળે છે.

→ પ્લેનેરિયા (ચપટા કૃમી)માં, સાચું પુનઃસર્જન જોઇ શકીએ છીએ કે જેમાં ગુમાવાયેલાં અંગો પોતાનો ખૂટતો ભાગ બનાવી નવા સજીવનું નિર્માણ કરે છે.

→ ફુગ, તંતુમય લીલ, મોસનો પ્રાથમીક દેહ (Protonema of moss - કોષોની બનેલી તંતુ જેવી રચના/પ્રતંતુ)- આ બધુ સરળતાથી અવખંડન કરી શકે છે અને તેઓની સંખ્યા વધે છે.

→ જયારે એકકોષી સજીવો જેવાં કે બેકટેરિયા, એકકોષી લીલ, અમીબા ના સંદર્ભમાં પ્રજનન એ વૃદ્ધિની સમાન લઇ શકાય કે જેમાં કોષોની સંખ્યામાં વધારો થાય છે.

→ વૃદ્ધિને આપણે કોષોની સંખ્યાકે જથ્થામાં વધવું એવી રીતે વ્યાખ્યાયીત કરી છે.

→ તેથી આપણે નોંધ લઇ શકીએ કે એકકોષી સજીવોમાં આપણે વૃદ્ધિ અને પ્રજનન આ બે શબ્દોનાં ઉપયોગ માટે સ્પષ્ટ નથી.

→ ઘણાં સજીવો પ્રજનન નથી કરી શકતા (ખચ્ચર (Mule), વંધ્ય કામદાર માખી, અફળદ્રુપ માનવ દંપતી વગેરે...) માટે પ્રજનન એ બધા સજીવનો ગુણધર્મ ન કહી શકાય.

→ એ હકીકત છે કે નિર્જીવ ઘટકો પોતાની જાતે પ્રજનન કરવા સમર્થ હોતા નથી તથા સ્વયં બેવડાઇ શકતા નથી.

ચયાપચય :

→ બધા જીવંત સજીવો રસાયણોનાં બનેલાં છે.

→ આ રસાયણો નાના અને મોટા, અલગ-અલગ વર્ગોમાં, કદમાં કાર્ય માટે બનેલાં હોય છે અને અન્ય જૈવ-અણુઓમાં સતત રૂપાંતર પામતા હોય છે.

→ આ રૂપાંતરોને રાસાયણીક પ્રક્રિયાઓ કે ચયાપચયીક પ્રક્રિયા કહે છે.

→ આવી હજારો પ્રક્રિયાઓ આપણાં શરીરમાં થતી હોય છે, તે એકકોષી હોય કે બહુકોષી હોય તેમાં પણ.

→ બધી વનસ્પતીઓ, પ્રાણીઓ, ફુગ અને સૂક્ષ્મજીવો ચયાપચય ક્રિયાઓ કરે છે.

→ શરીરમાં થતી બધી જ જૈવ-રાસાયણીક ક્રિયાઓને સામુહીક રીતે ચયાપચય કહે છે.

→ નિર્જીવમાં ચયાપચય ક્રિયાઓ થતી નથી.

→ શરીરની બહાર કોષમુકત તંત્ર (Cell free system)માં ચયાપચયની ક્રિયા જોવા મળે છે.

→ સજીવ શરીરની બહાર થતી અને અલગીકૃત કરેલી ચયાપચયની પ્રક્રિયાઓ ટેસ્ટ ટયુબમાં (In Vitro) કરવામાં આવે તો તે સજીવ કે નિર્જીવ છે તે કહી ન શકાય.

→ માટે, ચયાપચયને જયારે સજીવનાં લક્ષણ તરીકે લઇએ ત્યારે (In Vitro) કોઇપણ અપવાદ વગર તે સજીવનું લક્ષણ છે.

→ ટેસ્ટ ટયુબમાં અલગથી ચયાપચયની ક્રિયાઓ થાય તે જીવંત વસ્તુ નથી પણ ચોકકસ પણે જૈવ-પ્રક્રિયા છે.

→ શરીરનું કોષીય સંગઠન સ્તર એ સજીવનું એક ચોક્કસ લક્ષણ છે.

Gyanmanjari Career Academy - Sample Copy

પર્યાવરણ સાથે પ્રતિક્રિયા :

→ દરેક સજીવમાં જો જટિલ લક્ષણ હોય તો તેની આજુબાજુને કે પર્યાવરણ પ્રત્યેની અનુભૂતિના આવિષ્કારની ક્ષમતાનો છે અને આવી સંવેદના પ્રત્યે પ્રતીચાર આપવો.

→ સજીવનું આ સ્પષ્ટ દેખીતુ અને તકનીકી રીતે જટીલ લક્ષણ છે.

→ આ આવિષ્કાર દૈહિક/ભૌતિક/શારીરીક , રાસાયણિક કે જૈવિક સ્વરૂપે હોઇ શકે.

→ પ્રાથમિક કોષકેન્દ્રિય સજીવોમાંથી માંડી ઉચ્ચ કક્ષાના જટિલ સુકોષકેન્દ્રિય બધા જ સજીવો (સંવેદન અંગ દ્વારા) પર્યાવરણના ઇશારા પ્રત્યે અનુભૂતિ અને પ્રતિક્રિયા દર્શાવતાં હોય છે.

દા. ત. વનસ્પતિઓ બાહ્ય પરિબળો જેવાં કે પ્રકાશ, પાણી, તાપમાન, અન્ય જીવો, પ્રદુષકો વગેરે સામે પ્રતિક્રિયા દર્શાવી શકે છે.

→ પર્યાવરણીય સંકેતો પ્રત્યે પ્રતિચાર આપવાનો ગુણ પ્રાથમીક કક્ષાનાં પ્રોકેરીયોટીક સજીવો (આદ્દિકોષકેન્દ્રીઓથી) શરૂ કરીને જટીલ સુકોષકેન્દ્રી સજીવો ધરાવે છે.

→ વનસ્પતિઓ અને પ્રાણીઓ કે જે ઋતુમુજબ પ્રજનન કરે છે. (ઋતુસંવર્ધીત = Seasonal breeders)

→ તેઓનાં પ્રજનન પર પ્રકાશગાળા/ પ્રકાશ અવધિ ની અસર થાય છે.

→ બધા જ સજીવો પોતાનામાં દાખલ થતાં રસાયણોને હેન્ડલ કરે છે. (કાબુ રાખે છે/સંચાલન કરે છે)

→ દરેક સજીવ પોતાની આજુબાજુની પરિસ્થિતિથી પરિચિત (Aware) દરેક સજીવ છે.

→ માણસ જ એક સજીવ એવો છે કે જે પોતાનીજાત પ્રત્યે સભાનતા ધરાવે છે એટલે કે સ્વયં સભાનતા (Self concious) દર્શાવે છે.

→ Consiousness એ વ્યાખ્યા કરી શકાય તેવો સજીવનો ગુણધર્મ છે.

→ જ્યારે મનુષ્યની વાત આવે ત્યારે જીવંત અવસ્થાને વ્યાખ્યાયીત કરવી મુશ્કેલ છે.

→ આપણે કોમા (બેશુદ્ધી કે મુર્છા)માં હોય તેવા માણસોને હોસ્પિટલમાં જોઇએ તો હૃદય અને ફેફસાની જેમ કાર્ય કરી શકે તેવા સાધનોની મદદથી તે હોસ્પિટલમાં રખાયા હોય છે.

→ આવા દર્દીનાં મગજ મૃત હોય છે. (Brain Dead)

→ આ દર્દીમાં Self Conciousness હોતી નથી.

→ આવા દર્દી કે જે ક્યારેય સામાન્ય જીવન જીવવા માટે પાછા ફરી શકવાના નથી તેઓ મૃત કહેવાય કે જીવંત ?

→ ઉચ્ચ કક્ષાના સજીવોમાં જીવનની વિશિષ્ટ ઘટનાઓ તેમના દેહની આંતરક્રિયાઓને લિધે શકય બને છે.

→ પેશીનો ગુણ તેનાં નિર્માણ કરતાં કોષો ને કારણે નથી પણ આવા કોષો વચ્ચે થતા ઇન્ટરએકશન (આંતરીક પ્રતિક્રિયાઓ) ને કારણે છે.

→ આ જ રીતે અંગીકાઓનાં ગુણ તેમાં રહેલ અણુઓને કારણે નહી પણ આવા અણુઓ વચ્ચે થતી આંતર પ્રક્રિયાઓને કારણે છે.

→ આ ગુણ ઉચ્ચ કક્ષાના સજીવોમાં વધુ આવિષ્કાર પામતું (ઉભરતુ, પ્રગટ થતું) જણાય છે.

→ આ પ્રક્રિયા સંગઠનની જટીલતાનાં ક્રમનાં કોઇપણ સ્તરે સાચી છે.

→ સ્વયંબેવડાતુ (Self replicating), વિકસતુ (Evolving), સ્વયંનિયંત્રીત (Self-regulating), પારસ્પરિક અસરકરતું તંત્ર(interactive system) કે જે બાહ્ય સંવેદના (Stimuli) પ્રત્યે પ્રતિચાર આપવા માટે સક્ષમ એટલે જીવંત સજીવો (વ્યાખ્યા)

→ જીવ વિજ્ઞાન એ પૃથ્વી પર સજીવની Storyછે.

→ જીવ વિજ્ઞાન એ પૃથ્વી પર જીવંત સજીવો કઇ રીતે વિકાસ પામ્યા છે તેની Story છે.

→ બધા જ સજીવો વર્તમાનનાં, ભુતકાળનાં કે ભવિષ્યના એકબીજા સાથે સામાન્ય જનીન દ્રવ્યો થી જોડાયેલા છે.

→ પણ આ જનીન દ્રવ્યની માત્રા/પ્રમાણ અલગ અલગ સજીવમાં અલગ અલગ હોય છે.

1.2 સજીવોમાં વિવિધતા (Diversity in the living world)

→ જો તમે આસપાસ જોશો તો તમને કુંડામાં વાવેલા છોડ, કિટકો, પક્ષીઓ, પાલતુ કે અન્ય પ્રાણીઓ તથા વનસ્પતિઓ જેવા સજીવોની ઘણી જાતીઓ જોવા મળશે.

→ આપણી આજુબાજુ ઘણાંબધા સજીવો હોય છે. અમુકને આપણે નરી આંખે જોઇ શકીએ છીએ અમુકને આપણે જોઇ શકતા નથી ,કારણકે તેઓ સુક્ષ્મ છે.

→ જો આપણે અવલોકન કરવાની જગ્યાનું ક્ષેત્રફળ વધારીએ તો સજીવોમાં વિવિધતામાં વધારો જોવા મળે છે.

Gyanmanjari Career Academy - Sample Copy

→ જેમ કે આપણે ગાઢ જંગલની મુલાકાત લઇએ તો આપણને ત્યાં અલગ અલગ પ્રકારના ઘણાં બધા જીવંત સજીવો જોવા મળે છે.

→ આપણે જે અલગ અલગ પ્રકારની વનસ્પતિ કે પ્રાણી જોઇએ છીએ તે એક જાતી (Species) છે.

→ 1.7 થી 1.8 મિલીયન જાતિ જાણીતી છે અને તેને વર્ણવામાં આવી છે.

→ આ જૈવવિવિધતા સુચવે છે અને પૃથ્વી પર આવેલ સજીવોનાં પ્રકાર અને સંખ્યા સુચવે છે.

→ જો આપણે નવા વિસ્તારનો અભ્યાસ કરીએ તેમ તેમ નવા વધુ ને વધુ પ્રમાણમાં સજીવોની નવી અનેક જાતીઓ સ્પષ્ટ રીતે ઓળખાય.

→ આપણા વિસ્તારમાં વનસ્પતિ અને પ્રાણીઓને સ્થાનીક નામ (Local Name) આપવામાં આવ્યુ છે ઉદા. કોબ્રાને કાળોતરો નાગ કહેવાય છે.

→ આ સ્થાનીક નામ એક જ દેશમાં અલગ અલગ જગ્યાએ અલગ અલગ હોય છે. આમ હોવાથી Confusion વધી જાય છે.

→ તેથી સજીવોને Standard (Universal, સાર્વત્રિક) નામ આપવાની જરૂરીયાતો ઉભી થઇ આમ થવાથી એક ચોક્કસ જીવને એક નામ મળતા તે સમગ્ર પૃથ્વી પર એક જ નામથી ઓળખાય. આ પદ્ધતિને Nomenclature (નામાધિકરણ/નામકરણ) કહેવાય.

→ આ ત્યારે જ શક્ય બને કે જ્યારે સજીવોનું વર્ણન વ્યવસ્થિત થયુ હોય એટલે કે આ તેની ઓળખાણ (Identification) છે.

→ ઘણાં બધા વૈજ્ઞાનીકોએ ઓળખાયેલા સજીવોને નામ આપવાની પ્રક્રિયા પ્રસ્થાપીત કરી છે.

→ વનસ્પતિઓનું વર્ગીકરણ નક્કી કરેલા સિદ્ધાંતો અને ધારાધોરણો મુજબ કરવામાં આવે છે.

→ આ ધારાધોરણો અને સિદ્ધાંતો ICBN (International Code for Botanical Nomenclature) દ્વારા આપવામાં આવ્યા છે.

→ પ્રાણી વર્ગીકરણ વિદ્યા શાસ્ત્રીઓ આ માટે ICZN (International Code for Zoological Nomenclature) ની રચના કરી છે.

→ વૈજ્ઞાનિક નામ પ્રસ્થાપિત કરેછે કે દરેક સજીવને એક નામ હોય છે.

→ કોઇપણ સજીવનું વર્ણન માણસોને એક નામ તરફ દોરી જાય છે. (પૃથ્વીના કોઇપણ ભાગમાં)

→ આ નામ અન્ય કોઇપણ જાણીતા સજીવ માટે ઉપયોગમાં લેવાય નહી તેની પણ કાળજી રખાય છે.

→ દરેક વૈજ્ઞાનિક નામ માં બે ઘટકો છે.

1. Generic name (વંશગત નામ, સર્વમાન્ય સામાન્યનામ)

2.Specific epithet
(જાતી સંકેત પ્રત્યય/ચોક્કસ ઉપનામ/ખાસીયત સુચવાતો શબ્દ)

→ એટલે કે અનુક્રમે પ્રજાતી અને જાતી

→ આવી બે નામ આપવાની પદ્ધતિને દ્વિનામી નામકરણ પદ્ધતિ (Binomial nomenclature) કહે છે.

→ આ પદ્ધતિ Carolus Linnaeus દ્વારા અપાઇ અને સમગ્ર પૃથ્વી પરનાં બધા જ વૈજ્ઞાનીકો તેનો ઉપયોગ કરે છે.

→ આ બે નામ આપવાની પદ્ધતી સરળછે.

ઉદા. કેરી(આંબો) નું વૈજ્ઞાનીક નામ *Mangifera indica*

→ ઉપરનાં નામમાં Mangifera એ Genus (પ્રજાતી) સુચવે છે. જ્યારે indica એ ચોક્કસ Species(જાતી) છે અથવા તે ચોક્કસ ઉપનામ છે.

→ અન્ય સર્વમાન્ય નિયમો નિચે મુજબ છે.

1.જૈવ વૈજ્ઞાનીક નામ સામાન્ય રીતે લેટીન છે. અને તે ઇટાલીક (ત્રાંસા અક્ષરોમાં) લખાય છે. તેની ઉત્પત્તી સાથે લેટીન માંથી ઉતરી આવેલા છે.

2.પ્રથમ શબ્દ genus (પ્રજાતી) સુચવે છે જ્યારે બીજો શબ્દ ચોક્કસ ઉપનામ (epithet) સુચવે છે.

3.બન્ને શબ્દોને હસ્તલેખીત રીતે લખવામાં આવે તો બન્નેની નીચે લાઇન કરાય છે મૂળ ઉદ્ભવ લેટીન બતાવવા ઇટાલીકમાં છાપવાનું હોય છે.

4.પ્રજાતીનો પ્રથમ અક્ષર કેપીટલ હોય છે જ્યારે specific epithet નાની લીપીનાં અક્ષરથી શરૂ થાય છે.

→ લેખકનું નામ (શોધકનું નામ) Specific epithet પછી ટૂંકમાં લખાય છે એટલે કે જૈવવૈજ્ઞાનીક નામ પુર્ણ થયા બાદમાં. ઉદાહરણ તરીકે

Mangifera indica Linn

→ આ એવું સુચવે છે કે આ જાતી સૌપ્રથમ Linneus દ્વારા વર્ણવાયેલી

→ બધા જ જીવંત સજીવોનો અભ્યાસ કરવો લગભગ અશક્ય હોવાથી એ જરૂરી બનેકે આપણે આને શક્ય બનાવવા માટે કોઇ યુક્તિ શોધીએ અનેતે પદ્ધતિને વર્ગીકરણ (Classification) કહે છે.

Gyanmanjari Career Academy Sample Copy

→ સરળતાથી જોઇ શકાય તેવા લક્ષણોનો આધાર લઇ કોઇપણ ને ચોક્કસ કક્ષા (Category) (દરજ્જો આપવો) માં મુકવાની પદ્ધતિ એટલે વર્ગીકરણ

ઉદાહરણ તરીકે, આપણે સરળતાથી વનસ્પતિઓ અથવા પ્રાણીઓ અથવા કુતરાઓ, બિલાડીઓ કે કીટકોના સમુહને ઓળખી શકીએ છીએ.

→ આપણે ઉપરનાં સમુહો માટે જે શબ્દ વાપરીએ તે જ ક્ષણે આપણે તેનાં લક્ષણોથી પરિચીત છીએ.

→ જો આપણે Altasian (આલ્સેશીયન) કુતરાની વિશે વિચારીએ તો ?

→ જો આપણે સસ્તનનું વિચારીએ તો ? કયા લક્ષણો યાદ આવ્યા ? જેવા કે બાહ્યકર્ણ પલ્લવ, શરીર પર વાળ.....

→ તે જ રીતે ઘઉંનું વિચારીએ કે મકાઇનું, તો માત્ર તે જ વનસ્પતિ યાદ આવે પણ ચોખા યાદ ન આવે

→ આમ Dogs, Cats, Mammals (સસ્તનો), Wheat, Rice, Plants, Animals વગેરે સજીવોને સમજવા માટેની Categories (કક્ષાઓ/એક પ્રકારની શ્રેણીઓ) છે.

→ વૈજ્ઞાનીક રીતે આ કક્ષાઓ ને Taxa (વર્ગકો) કહેવાય (એકવચન=Taxon)

→ Dogs (કુતરાઓ), Mammals (સસ્તનો) અને Animals (પ્રાણીઓ) એ Taxa (કક્ષાઓ) છે પણ આપણને ખબર છે કે કુતરાઓ સસ્તનમાં આવે અને સસ્તનો પ્રાણીઓમાં આવે તેથી આ ત્રણેય Taxa છે પણ તે અલગ અલગ સ્તરો સુચવે છે.

→ તેથી લક્ષણોને આધારે બધા જ સજીવોને જુદી જુદી કક્ષામાં મુકવામાં આવે છે જેને વર્ગીકરણ કહે છે અને તેના અભ્યાસને વર્ગીકરણ વિદ્યા (Taxonomy) કહે છે.

→ આધુનિક વર્ગીકરણના અભ્યાસ માટે બાહ્ય લક્ષણો, આંતરીક લક્ષણો, કોષીય લક્ષણો, વિકાસની પ્રક્રિયા અને સજીવની પયાવરણીય માહિતીને ધ્યાનમાં લેવાય છે.

→ Taxonomy (વર્ગીકરણ વિદ્યા) ના પાયામાં

1. લક્ષણો (Charactarization)
2. ઓળખ વિધી (Identification)
3. વર્ગીકરણ (Classification)
4. નામકરણ (Nomenclature) હોય છે.

→ વર્ગીકરણ નવી બાબત નથી. મનુષ્ય પોતાનાં ઉપયોગ માટે વિવિધ સજીવો વિશે નવુ જાણવા માટે સતત પ્રયત્નશીલ છે.

→ પહેલાના દિવસોમાં તેની પાયાની જરૂરીયાતો જેવી કે આહાર, કપડા, રહેઠાણ માટેનાં સ્ત્રોત શોધતો તેથી ત્યારની વર્ગીકરણ પદ્ધતિ વિવિધ સજીવો ના ઉપયોગ પર આધારીત હતી.

→ માણસ માત્ર વિવિધ સજીવો ને જ જાણવા માટે તત્પર હતો તેવુ નથી પણ અલગ અલગ સજીવોનાં આંતર સબંધો જાણવા માટે પણ રસ ધરાવતો.

→ વિદ્યાભ્યાસની આ શાખાને Systematics (પદ્ધતિસરનું વિજ્ઞાન) કહેવાય છે.

→ Latin શબ્દ Systema પરથી આ શબ્દ ઉતરી આવ્યો છે. તેનો અર્થ સજીવોની પદ્ધતિસર ગોઠવણ થાય છે.

→ લીનીયસે આ પબ્લીકેશનનું ટાઇટલ (મથાળુ/શીર્ષક) Systema Nature તરીકે ઉપયોગ કર્યુ.

→ ત્યારબાદ તેમાં ઓળખ, નામાધિકરણ અને વર્ગીકરણ ઉમેરવા માટે તેનો વ્યાપ વધ્યો.

→ Systemetics માં સજીવો વચ્ચે જોવા મળતા ઉદ્‌વિકાસીય સબંધો સમાવાય છે.

1.3 વર્ગીકરણની કક્ષાઓ : Taxonomic categories

→ વર્ગીકરણ એ માત્ર એકાકી ચરણ (step) ની પદ્ધતિ નથી પરંતુ ક્રમશઃ શ્રેણીબદ્ધ ચરણો દર્શાવતી પદ્ધતિ છે.

→ જેમા દરેક ચરણ કક્ષા દર્શાવે છે.

→ **જો કક્ષા બધી જ દૃષ્ટિએ વર્ગીકૃત વ્યવસ્થાનો ભાગ હોય તો તેને વર્ગીકરણની કક્ષા** (taxonomic category) **કહે છે.**

→ આવી બધી કક્ષાઓ ભેગી મળીને **વર્ગીકૃત શ્રેણી** (taxonomic hierarchy) રચે છે.

→ જેમાં દરેક કક્ષા વર્ગીકરણના એક એકમ તરીકેના સંદર્ભમાં લેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે જે-તે સ્થાન (કક્ષા) નિર્દેશિત કરે છે અને તેને Taxon કહે છે.

→ વર્ગીકરણીય કક્ષાઓ (ચોક્કસ દરજ્જો) અને આખી શ્રેણી (હારમાળા) (hierarchy) ઉદાહરણથી સમજી શકાય.

Gyanmanjari Career Academy - Sample Copy

→ કિટકો એક સમુહ સુચવે છે જેના લક્ષણો જેવા કે ત્રણ જોડ સાંધવાળા ઉપાંગો,

→ તેનો અર્થ એ થાય કે કિટકોને ચોક્કસ પણે ઓળખી શકાય જ અને તેનું વર્ગીકરણ થઇ શકે અને તેને એક સ્થાન (વર્ગક) કે Category આપી શકાય.

→ સમુહો એક Category (દરજ્જો) સુચવે છે.

→ Category એક સ્થાન (Rank) સુચવે છે.

→ દરેક સ્થાન કે Taxon હકીકતમાં વર્ગીકરણનો એક એકમ છે.

→ આવા વર્ગીકરણીય સમુહો/સ્થાનો જીવવિજ્ઞાનીક એકમો છે અને માત્ર બાહ્ય દેખાવ સ્વરૂપોનો સમુહ નથી.

→ બધા જ ઓળખાયેલા સજીવો આપણે એક સામાન્ય સમુહ તરફ દોરી જાય છે. જેમ કે સૃષ્ટી, સમુદાય અથવા વિભાગ (plants માટે) વર્ગ, શ્રેણી, કુળ, પ્રજાતી અને જાતીઓ બધા જ સજીવો કે જેમાં વનસ્પતીઓ અને પ્રાણીઓનો સમાવેશ થાય છે. તેમાં સૌથી નિમ્ન (નીચેની) Category (સ્થાને) જાતિ (Species) આવે છે.

→ સજીવોને વિવિધ કક્ષા (સ્થાન, (category, Taxon) માં મુકવા માટેની પાયાની જરૂરીયાત છે તેના લક્ષણો જેમાં સજીવનાં વ્યકિતગત લક્ષણો કે સજીવોના સમુહના લક્ષણોનો સમાવેશ થાય છે.

→ એક જ પ્રકારના સજીવો અને વિવિધ પ્રકારનાં સજીવો વચ્ચે રહેલ સમાનતા કે ભિન્નતા નક્કી કરવા માટે આ લક્ષણો ઉપયોગી છે.

1.3.1 જાતિ (Species) :

→ વર્ગીકરણના અભ્યાસમાં સ્વતંત્ર, સજીવો ના મુળભુત લક્ષણોમાં વધુ સમાનતા હોય તેવા સમુહને જાતિ કહે છે.

→ કોઇ પણ જાતિ ને તેના નજીકના સંબંધ ધરાવતી જાતિથી એના બાહ્ય લક્ષણો ના આધારે અલગ કરી શકાય છે.
ઉદાહરણ તરીકે :

- મેંજીફેરા ઇંડીકા (*Mangifera indica*), સોલેનમ ટયૂબરોસમ (*Solanum tuberosum*)અને પેંથરા લિઓ (*Panthera Leo*).

→ ઇંડિકા, ટયૂબરોસમ, લિઓ એ જાતિપદ (ચોક્કસ ઉપનામ) દર્શાવે છે.

→ આમા મેંજીફેરા, સોલેનમ અને પેંથરા એ પ્રજાતિ છે અને બીજાસ્તરની કક્ષા અને વર્ગક પદ દર્શાવે છે.

→ દરેક પ્રજાતિમાં એક કે એક કરતા વધારે જાતિપદ (Specific epithet) હોય શકે છે. જે બાહ્ય લક્ષણોમાં સમાનતા ધરાવતા વિવિધ સજીવોને દર્શાવે છે.
ઉદાહરણ તરીકે :

- પેંથરા(*Panthera*)માં બીજુ જાતિપદ - ટાઇગ્રીસ(*Tigris*) જ્યારે સોલેનમ(*Solanum*)માં બીજુ જાતિપદ - નાઇગ્રિમ(*Nigrum*) અને મેલોન્જેના પણ આવે છે.

→ માનવની જાતી સેપિયંસ છે. જે હોમો- પ્રજાતિમાં આવે છે. એના માટે માનવનું વૈજ્ઞાનિક નામ હોમો-સેપિયંસ (*Homo sapiens*) છે.

1.3.2 પ્રજાતિ (Genus) :

→ પ્રજાતિઓ સંબંધિત (નજીકના ગાઢ સંબંધ) જાતિઓનો એક સમૂહ હોય છે. જેમાં પ્રજાતિ ના ગુણ અન્ય પ્રજાતિની જાતિ કરતા વધારે સમાન હોય છે.

→ આપણે એમ કહી શકીએ કે પ્રજાતિ એ સામાન્ય અને નજીકના સંબંધ ધરાવતી જાતિઓનો સમૂહ છે.
ઉદાહરણ તરીકે :

- બટેટા, રીંગણ આ બે અલગ જાતિ છે પણ આ બન્ને એક જ પ્રજાતિમાં આવે છે. પ્રજાતી =Solanum છે.

→ Lion *(Panthera leo),* Leopard (દીપડો) *(P.Pardus)* અને Tiger *(P. tigris)* આ બધી જાતીઓ *Panthera* (પેંથરા) પ્રજાતિમાં આવે છે.

→ પેંથરા પ્રજાતિ એ બીજી પ્રજાતિ ફેલિસ (*Felis*), જેમાં બિલાડી આવે છે એના કરતા અલગ છે.

1.3.3 કુળ (Family) :

→ બીજો વર્ગક કુળ છે. જે આંતરસંબંધ ધરાવતી પ્રજાતિનો સમૂહ છે.

→ પ્રજાતિ અને જાતિની તુલનામાં કુળ ઓછી સમાનતા ધરાવે. કુળના વર્ગીકરણનો આધાર વનસ્પતિના વાનસ્પતિક અને પ્રાજનનીક એમ બંને ગુણ પર છે.

→ વનસ્પતિમાં ત્રણ અલગ-અલગ પ્રજાતિ ઉદાહરણ તરીકે - સોલેનમ, પિટૂનિઆ અને ધતૂરા ને એક જ કુળ સોલેનેસીમાં મૂકવામાં આવે છે.

→ પ્રાણિઓમાં પ્રજાતિ પેંથરા જેમા સિંહ, વાઘ અને દિપડા નો સમાવેશ થાય છે તેઓને પ્રજાતી ફેલીસ (Cats) ની સાથે Felidae (ફેલીડી) કૂળમાં સમાવાય છે.

Gyanmanjari Career Academy Sample Copy

→ આવી જ રીતે જો કુતરા અને બિલાડીના લક્ષણો ધ્યાનમાં રાખી એ તો અમૂક સમાનતા અને ભિન્નતા જોવા મળશે.

→ કુતરાને કુળ કેનિડી (Canidae)માં મૂકવામાં આવે છે.

→ આજ રીતે ફેલીડી કૂળમાં ફેલીસ (Cats = બિલાડીઓ) ને મૂકવામાં આવે છે.

1.3.4 Order=(શ્રેણી)

→ આપણે પહેલા અભ્યાસ કર્યો કે જાતિ, પ્રજાતિ અને કુળ જેવી કક્ષા સમાન લક્ષણો પર આધાર રાખે છે.

→ મુખ્યતઃ શ્રેણી અને ઉચ્ચ વર્ગીકરણ કક્ષાઓની ઓળખ લક્ષણ સમૂહના આધારે થાય છે.

→ શ્રેણી એ ઉચ્ચકક્ષા છે જે પારસ્પરિક લક્ષણો ધરાવતાં કુળો દ્વારા રચાય છે. જે ઓછા સામાન્ય લક્ષણો દર્શાવે છે.

→ એક કુળની પ્રજાતિમાં જેટલા લક્ષણો સમાનતા હોય છે તેનાંથી ઓછી સંખ્યામાં લક્ષણોમાં સમાનતા હોય.

→ વનસ્પતિ કુળમાં જેવાકે કોનવોલવ્યુલેસી, સોલેનેસી, ને શ્રેણી પોલિમોનિએલ્સ માં રાખવામાં આવે છે. (પુષ્પીય લક્ષણોને આધારે)

→ જયારે પ્રાણી, કારનીવોરા શ્રેણીમાં ફેલિડી અને કેનિડી કુળ સમાવેશ કરવામાં આવે છે.

1.3.5. વર્ગ (Class) :

→ આ વર્ગકમાં નજીકની શ્રેણીઓના (Orders) ના સમૂહનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે :

- શ્રેણી પ્રાઇમેટા જેમા વાંદરા, ગોરિલા, ગિબ્બોન આવે છે અને બીજી શ્રેણી કારનીવોરા (માંસાહારી) જેમા વાઘ, બિલાડી અને કુતરા આવે છે. આ બે શ્રેણીઓનો સમાવેશ વર્ગ મેમેલિયા (સસ્તન)માં કરવામાં આવે છે.

→ વર્ગ મેમેલિયા બીજી શ્રેણીઓ પણ ધરાવે છે.

1.3.6. સમુદાય (Phylum)

→ માછલી, ઉભયજીવી, સરીસૃપ, વિહગ અને સસ્તન પ્રાણીઓનો સમાવેશ કરતા વર્ગોથી પછીની ઉચ્ચ Category phylum (સમુદાય) બનેછે.

→ સામાન્ય લક્ષણો જેમકે મેરૂદંડની હાજરી અને પૃષ્ઠ પોલું ચેતાતંત્રના આધારે આ બધા ને સમુદાય મેરૂદંડીમાં મૂકવામાં આવે છે.

→ વનસ્પતિમાં આવેલ વર્ગો જેમા થોડાં લક્ષણો સમાન હોય છે અને ઉચ્ચતમ કક્ષા વિભાગ (Division)માં મૂકવામાં આવે છે.

1.3.7. સૃષ્ટિ (Kingdom) :

→ અલગ-અલગ વર્ગ ધરાવતા પ્રાણીઓને ઉચ્ચતમ કક્ષા સૃષ્ટિમાં મૂકવામાં આવે છે અને પ્રાણી વર્ગીકરણમાં પ્રાણીસૃષ્ટિ તરીકે ઓળખવામાં આવે છે.

→ બીજી બાજુ વનસ્પતિ સૃષ્ટિ એ અલગ અને દરેક વિભાગની વનસ્પતિનો સમાવેશ કરે છે.

→ ભવિષ્યમાં આપણે આ બે સમૂહ ને વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ નામે ઓળખીશું.

→ આકૃતિમાં જાતિ થી લઇને સૃષ્ટિ સુધિ વિવિધ કક્ષાઓને ચડતા ક્રમમાં ગોઠવી છે.



વર્ગીકરણની કક્ષાઓની ગોઠવણીનો ચઢતો ક્રમ દર્શાવતી શ્રેણી

→ ઉપરનાં ચાર્ટમાં તમે કહી શકશો કે આ ગોઠવણીનો આધાર શું છે ? તો ઉદાહરણ માટે કહીશું, કે જયારે આપણે જાતિથી સૃષ્ટિ સુધી ઉપર તરફ જઇએ તો સામાન્ય (સરખા) લક્ષણોની સંખ્યા ઘટતી જાય છે અને સૃષ્ટિથી પ્રજાતિ સુધી નીચે તરફ જઇએ તેમ સામાન્ય લક્ષણોની સંખ્યા વધતી જાય છે.

→ ઉચ્ચ કક્ષાએ, એક વર્ગકનો, એ જ સ્તરે બીજા વર્ગક સાથેનો સંબંધ નકકી કરવામાં વધુ મુશ્કેલી પડે છે.

→ આથી, વર્ગીકરણની સમસ્યા વધુ જટિલ બનં છે.

1.4 વર્ગીકરણનાં ક્ષેત્રો/સાધનો :

Taxonomical aids

→ વિવિધ વનસ્પતિઓ, પ્રાણીઓ અને અન્ય સજીવોના વર્ગીકરણીય અભ્યાસ આપણને ખેતીવાડી, જંગલ, ઇન્ડસ્ટ્રી (ઔધોગીક) ક્ષેત્રે **આપણાં જૈવ-સ્ત્રોત અને વિવિધતા** માટે ઉપયોગી છે.

→ આ અભ્યાસ માટે સજીવનું સાચું વર્ગીકરણ અને ઓળખવિધિ જરૂરી છે.

→ સજીવની ઓળખ માટે પ્રયોગશાળા અને ક્ષેત્ર અભ્યાસ જરૂરી છે.

→ વર્ગીકરણીય અભ્યાસનો મુખ્ય સ્ત્રોત એ વનસ્પતી અને પ્રાણીઓનાં પ્રાપ્ત થયેલાં સાચાં નમૂના છે.

→ વર્ગીકરણના અભ્યાસને સમજવા અને તાલીમ માટે આ પાયાની બાબતો છે અને આવશ્ય છે.

→ તે સજીવોનાં વર્ગીકરણ માટે ઉપયોગી છે અને નમૂના સાથે જોડાયેલી માહિતીનો પણ સંગ્રહ કરાય છે.

Gyanmanjari Career Academy Sample Copy

સામાન્ય નામ	વૈજ્ઞાનિક નામ	પ્રજાતિ	કુળ	શ્રેણી	વર્ગ	સમુદાય /વિભાગ
માનવ	હોમો સેપિયન્સ	હોમો	હોમીનીડી	પ્રાઇમેટા	સસ્તન	મેરૂદંડી
ઘરમાખી	મ્યુસ્કા ડોમેસ્ટીકા	મ્યુસ્કા	મ્યુસીડી	ડિપ્ટેરા	કીટક	સંધિપાદ
કેરી	મેંન્ગીફેરા ઇન્ડીકા	મેન્ગીફેરા	એનાકાર્ડિઆસી	સેપીન્ડેલસ	દ્વિદળી	આવૃતબિજધારી
ઘઉં	ટ્રીટીકમ એસ્ટીવમ	ટ્રીટીકમ	પોએસી	પોએલસ	એકદળી	આવૃતબિજધારી

→ થોડાંક કિસ્સાઓમાં નમૂનાઓને ભવિષ્યમાં અભ્યાસ માટે પણ પરિરક્ષણ (Preserved) કરવામાં આવે છે.

→ નમુનાઓ અને માહિતીનો સંગ્રહ કરવા માટે જીવ વિજ્ઞાનનીઓએ ચોક્કસ પ્રક્રિયાઓ અને technology (તકનીક) વિકસાવી છે જેમાંથી કેટલી તમને વિગત વાર સમજાવવામાં આવેલી છે જે તમને આ પ્રકારના સાધનોની ઉપયોગીતા સમજાવવામાં મદદરૂપ છે.

1.4.1 હર્બેરિયમ - (વનસ્પતી સંગ્રહાલય) :

→ એકત્રીકરણ કરેલા વનસ્પતિનાં નમુનાઓનું સંગ્રહ સ્થાન એટલે હર્બેરિયમ કે જ્યાં પત્રક પર શૂષ્કન, દાબન, અને જાળવણી (Preserved) કરેલ હોય.

→ સર્વ સ્વિકૃત થયેલી વર્ગીકરણની પદ્ધતિ મુજબ આ પત્રકોને ગોઠવવામાં આવે છે.

→ આ નમૂનાઓ, તેમનાં વર્ણન મુજબ હર્બેરીયમ પત્રક પર રાખી સંગ્રહ કરવામાં આવે છે આ નમૂનાઓનો ઉપયોગ ફરી પણ થઇ શકે છે.

→ હર્બેરિયમ પત્રક પર નમૂનો મેળવ્યા તારીખ અને પ્રાપ્તિસ્થાન , અંગ્રેજીનામ, પ્રચલીત (સ્થાનીક નામ) અને (વાનસ્પતિક નામ) વૈજ્ઞાનીક નામ, કુળ, વ્યકતી કે જેણે નમૂનો મેળવ્યો હોય વગેરે ની માહીતી હોય છે.

→ હર્બેરીયમ વર્ગીકરણના અભ્યાસ માટે તત્કાલ કામ લાગે તે અગત્યતા ધરાવે છે.

1.4.2 વનસ્પતી ઉદ્યાનો :
Botanical Garden

→ આ વિશિષ્ટ ઉદ્યાનોમાં જીવંત વનસ્પતીઓનો સંગ્રહ સંદર્ભ (reference)લેવા માટે કરેલો હોય છે.

→ આ ઉદ્યાનોમાં વનસ્પતીને તેને ઓળખવિધિનાં હેતુ માટે ઉછેરવામાં આવે છે. અને દરેક વનસ્પતીને તેનાં બોટાનીકલ/વૈજ્ઞાનીક નામ અને તેનાં કુળ મુજબ નામ અપાય છે.

→ પ્રખ્યાત બોટનીકલ ગાર્ડન (વનસ્પતિ ઉદ્યાન) કયુ(ઇંગ્લેન્ડ), ઇન્ડીયન બોટનીકલ ગાર્ડન, હાવરા (ભારત) અને નેશનલ બોટાનીકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, લખનૌ (ભારત)માં આવેલ છે.

1.4.3 મ્યુઝીયમ :

→ શાળા અને કોલેજો જેવી શૈક્ષણીક સંસ્થાઓમાં સામાન્ય રીતે મ્યુઝીયમ વિકસાવવામાં આવે છે.

→ મ્યુઝીયમમાં સંગ્રહ કરેલાં વનસ્પતી અને પ્રાણીઓનાં અને અશ્મીઓના નમૂનાઓને અભ્યાસ અને સંદર્ભ માટે રાખવામાં આવે છે.

→ નમૂનાઓને કન્ટેઇનર (સંગ્રાહકો) કે કાચની બરણી (Jar) માં સંગ્રાહક દ્રાવણમાં રાખવામાં આવે છે.

→ વનસ્પતિ અને પ્રાણી નમૂનાઓને શૂષ્ક નમૂના તરીકે સંગ્રહ કરવામાં આવે છે.

→ કીટકોને એકત્રીત કરી મારીને અને પીન લગાડીને કીટક બોકસમાં સંગ્રહ કરવામાં આવે છે.

→ મોટા કદનાં પ્રાણીઓ જેવાં કે પક્ષીઓ અને સસ્તનો ને સ્ટફડ (સ્ટફીંગ કરીને -તેમાં વિવિધ દ્રવ્યો રૂ, ઉન, વનસ્પતિ જન્ય ભૂકો વગેરે ભરીને) સંગ્રહ કરવામાં આવે છે.

→ મ્યુઝીયમમાં ઘણી વખત પ્રાણીઓનાં કંકાલનો પણ સંગ્રહ કરેલો હોય છે.

1.4.4 પ્રાણી ઉદ્યાન :
Zoological park


→ આ એવી જગ્યા છે કે જ્યાં હિંસક પ્રાણીઓ સુરક્ષિત પર્યાવરણમાં, મનુષ્યની દેખરેખ નીચે રાખવામાં આવે છે અને જે આપણને તેનાં ખોરાકની આદતો (Food habits) અને વર્તણુંક (Behaviour) નો અભ્યાસ કરવા ઉપયોગી છે.

→ પ્રાણી ઉદ્યાનનાં બધા જ પ્રાણીઓને શકય તેટલું તેનું કુદરતી પર્યાવરણ પ્રાપ્ત થાય તે મુજબની વ્યવસ્થા હોય છે. બાળકો ને પ્રાણી ઉદ્યાનની મૂલાકાત લેવી ગમે છે, જે સામાન્ય રીતે 'Zoo' (ઝૂ) તરીકે ઓળખાય છે.


1.4.5 કળ/ઓળખ ચાવી :
Key/Identification key

→ સમાનતા અને ભિન્નતા ના આધારે વનસ્પતિ અને પ્રાણીઓને ઓળખવા માટે Key એ વર્ગીકરણ નું ઉપકરણ છે.

Gyanmanjari Career Academy - Sample Copy



સંગ્રહિત નમૂનાઓ દર્શાવતું હર્બેરીયમ



ભારતનાં વિવિધ પ્રાણી ઉદ્યાનોમાં પ્રાણીઓ દર્શાવતા ચિત્રો

→ આ Key નો આધાર વિરોધાભાસી લક્ષણો જે મુખ્યત્વે યુગ્મમાં હોય છે એના ઉપર આધાર રાખે છે. આને (Couplet) યુગ્મક કહેવાય છે.

→ આ Key બે વિપરિત (વિરોધાભાષી) લક્ષણોમાંથી એક પસંદ કરવાનું બતાવે છે.

→ આના પરિણામ સ્વરૂપ એક ને માન્યતા પ્રાપ્ત થાય છે અને બીજો અમાન્ય હોય છે.

→ Key માં દરેક વિધાન માર્ગદર્શક ની જેમ કાર્ય કરે છે.

→ પ્રત્યેક વર્ગીકરણ કક્ષા જેમ કે કુળ, પ્રજાતિ અને જાતિ ને ઓળખવા માટે અલગ-અલગ વર્ગીકરણ Key ની આવશ્યકતા હોય છે.

→ કળ Key નો સ્વભાવ સામાન્ય રીતે પૃથ્થકરણ કરવાનો છે.

→ ફલોરા (વનસ્પતી સમૂહ) પુસ્તિકા, મોનોગ્રાફ (લઘુપુસ્તીકા), પરિચયપુસ્તીકાઓ (Manuals) અને કેટાલોગ (પદ્ધતિ સરની સુચી) પણ વર્ણનને સાચવી રાખવા માટે અને ઓળખાણમાં મદદ રૂપ થાય છે.

→ **ફલોરા (વનસ્પતિ સમૂહ)** કોઇપણ વનસ્પતિનું ક્ષેત્ર અને નિવાસ્થાનોની માહિતી પુરી પાડે છે.

→ આ, તે ક્ષેત્રમાં મળતી વનસ્પતિની જાતિઓની માહિતી (Index = નિર્દેશીકા) આપે છે.

→ **પુસ્તિકા** (Manual) એ ક્ષેત્રમાં પ્રાપ્ત વનસ્પતિનું નામ ઓળખવા માટે મદદ રૂપ થાય છે.

→ **મોનોગ્રાફમાં** કોઇપણ એક વર્ગક (ટેકસોન) ની માહિતી હોય છે.

Gyanmanjari Career Academy - Sample Copy

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

આ પેપર્સ ઉપયોગ કઈ રીતે કરશો ?

આખું પ્રકરણ સમજીને તૈયાર કર્યા બાદ તેની સમજણ અને ચાદશક્તિની કસોટી માટે તથા NEET ની પૂર્વતૈયારી માટે અહીં પેપર આપેલા છે.

- **દરેક પેપર 45 પ્રશ્નો નું છે.**
- **ઘડિયાળમાં સમય જોઈને પેપર લખવા માટે બેસો.**
- **મોડામાં મોડું 45 મીનીટમાં જવાબ ટીક થઈ જવા જોઈએ.**
- **આ પ્રકરણ આખું પુરૂ થાય પછીના એક અઠવાડિયાનાં સમય ગાળામાં આપેલા પેપર તમારે ગંભીરતાથી આપવાના છે.**
- **એક અઠવાડિયા બાદ તમને તે દરેક પેપરની Answer Key આપવામાં આવશે.**
- **માર્કસની ગણતરી કરી, તેની વ્યવસ્થિત નોંધ રાખવી.**
- **આ જ રીતે દરેક પ્રકરણને અંતે પેપર્સ આપેલા હશે. તે ઉપરની સુચના મુજબ પૂર્ણ કરવા.**

Gyanmanjari Career Academy - Sample Copy

CHAPTER - 1

સજીવ વિશ્વ - The Living World

PAPER - 1 Que-45 45 Min.

01. Increase in body mass is considered as.....
(A) Growth (B) Development
(C) Adaptation (D) None of above

02. The second word of scientific name in an organism indicates .....
(A) Kingdom (B) Species
(C) Genus (D) None of the above

03. Agreed principles and criteria for plants given by.....
(A) ICBN (B) ICZN
(C) AB true (D) AB false

04. Which is correct for dogs, rice, mammals ?
(A) All characters are similar.
(B) All three included in one kingdom
(C) In scientific term these categories called taxa.
(D) All are included in one class.

05. Binomial nomenclature was given by.....
(A) Linnaeus (B) Darwin
(C) Aristotle (D) Camilo Golgi

06. Characters of organelles are not due to their internal molecules but.....
(A) Due to interaction between molecules
(B) Due to senescent of tissue
(C) Reactions between cells and tissues
(D) None of the above

07. ..... in yeast and hydra.
(A) Reproduction not occur.
(B) Metabolism not occur.
(C) Budding is seen.
(D) Fragmentation occurs.

08. Which word is written first In binomial nomenclature?
(A) Author (B) Species
(C) Genus (D) None

09. How many species are known and describe on the earth?
(A) 20 lacs
(B) 7 to 8 million
(C) 1.7 to 1.8 million
(D) 25 to 50 million

10. These are the place where wild animals are kept in protected environments.
(A) Herbarium (B) Zoological parks
(C) Botanical gardens (D) Museum

1. શરીરના કદમાં થતા વધારાને ..... કહેવામાં આવે છે.
(A) વૃદ્ધિ (B) વિકાસ (C) અનૂકુલન (D) એકપણ નહીં

2. સજીવનાં વૈજ્ઞાનિક નામનો બીજો શબ્દ શું સૂચવે છે ?
(A) સૃષ્ટી (B) જાતી (C) પ્રજાતી (D) એકપણ નહીં

3. વનસ્પતિ માટેનાં માન્ય ધારાધોરણો અને સિદ્ધાંતો ..... દ્વારા આપવામાં આવ્યાં.
(A) ICBN (B) ICZN (C) AB સાચા (D) AB ખોટા

4. Dogs, Rice, Mammals આ શબ્દો માટે શું સાચું ?
(A) ત્રણેયનાં બધાં જ લક્ષણો સમાન હોય છે.
(B) ત્રણેય એક સૃષ્ટીમાં સમાવાય છે.
(C) વૈજ્ઞાનિક રીતે આ કક્ષાઓને Taxa કહેવાય.
(D) બધા એક જ વર્ગમાં સમાવાય છે.

5. દ્વિનામી નામકરણ પદ્ધતિ ..... દ્વારા આપવામાં આવી.
(A) લીનીયસ (B) ડાર્વીન
(C) એરિસ્ટોટલ (D) કેમીલો ગોલ્ગી

6. અંગિકાઓનાં ગુણ તેમાં રહેલ અણુંઓને કારણે નહિં પણ....
(A) અણુંઓ વચ્ચે થતી આંતરક્રિયાઓને કારણે છે
(B) પેશીનાં જીર્ણ થવાની ક્રિયા પર છે.
(C) કોષો અને પેશીઓ વચ્ચે થતી પ્રક્રિયાઓને કારણે છે.
(D) એકપણ નહીં

7. યીસ્ટ અને હાઇડ્રામાં.....
(A) પ્રજનન થતું નથી.
(B) ચયાપચયની ક્રિયા થતી નથી
(C) કલીકાસર્જન જોવા મળે છે.
(D) અવખંડન થાય છે.

8. સજીવનાં વૈજ્ઞાનિક નામકરણની પદ્ધતિમાં સૌપ્રથમ નામ કોનું લખવામાં આવે છે ?
(A) સંશોધક (B) જાતી
(C) પ્રજાતી (D) એકપણ નહીં

9. પૃથ્વી પર કેટલી જાતી જાણીતી છે અને તેને વર્ણવવામાં આવી છે ?
(A) 20 લાખ (B) 17 થી 18 મીલીયન
(C) 1.7 થી 1.8 મીલીયન (D) 25 થી 50 મીલીયન

10. આ એવી જગ્યા છે કે જ્યાં હિંસક પ્રાણીઓને સુરક્ષિત પર્યાવરણમાં, મનુષ્યની દેખરેખ નીચે રાખવામાં આવે છે.
(A) હર્બેરીયમ (B) પ્રાણીઉદ્યાન
(C) બોટાનીકલ ગાર્ડન (D) મ્યુઝીયમ

Gyanmanjari Career Academy Sample Copy

11. Universal rule of nomenclature is.....
(A) Biological names are given in any language
(B) The first word in biological name represents the species while second denotes genus
(C) First letter of species is capital and genus start with a small letter
(D) Both the words in biological name, when hand written, are separately underlined.

12. Choose false statement.
(A) In unicellular algae, reproduction is synonymous with growth
(B) In plants, growth is seen only up to a certain age
(C) In animals growth do not occurs continuously throughout their life span
(D) A multicellular organism grows by cell division

13. Group of orders is called.....
(A) Species (B) Kingdom (C) Class (D) Phylum

14. Sapindales word indicates.....
(A) Order of *Mangifera indica*
(B) Family of *Triticum aestivum*
(C) Family of *Mangifera indica*
(D) Order of *Triticum aestivum*

15. What is correct for fishes, amphibians, reptiles, Aves and mammals ?
(A) All are taxa from different phylum
(B) All are included in same class.
(C) All are taxa of same kingdom.
(D) All are taxa from different kingdom.

16. Match the following

Column - I	Column - II
1. Solanaceae	A. Species
2. Felis	B. genus
3. Tuberosum	C. family
	D. order

(A) (1-C),(2-D),(3-A) (B) (1-B),(2-A),(3-C)
(C) (1-D),(2-B),(3-C) (D) (1-C),(2-B),(3-A)

17. Which is the correct sequence of taxa from species to kingdom ?
(A) Species→genus→order→family→class→phylum→kingdom
(B) Species→genus→family→order→class→phylum→kingdom
(C) Species→order→family→species→phylum→class→kingdom
(D) Species→family→order→class→phylum→genus→kingdom

11. નામકરણ માટેનો સર્વમાન્ય નિયમ ..... છે.
(A) સજીવનું નામકરણ કોઇપણ ભાષામાં કરી શકાય
(B) બે નામ પૈકી પ્રથમ શબ્દ જાતી અને બીજો શબ્દ પ્રજાતી પદ સૂચવે છે.
(C) જાતીનો પ્રથમ અક્ષર કેપીટલ જ્યારે પ્રજાતી નાની લીપીનાં અક્ષરથી શરૂ થાય
(D) હસ્તલેખિત રીતે જ્યારે નામ લખવાનું હોય ત્યારે બંનેની નીચે લાઇન કરાય છે.

12. ખોટું વાકય પસંદ કરો.
(A) એકકોષી લીલનાં સંદર્ભમાં પ્રજનન એ વૃદ્ધિને સમાન લઇ શકાય.
(B) વનસ્પતિમાં વૃદ્ધિ અમૂક સમય સુધી જ થતી હોય છે.
(C) પ્રાણીઓમાં જીવનપર્યંત વૃદ્ધિ થતી નથી.
(D) બહુકોષીય સજીવો કોષવિભાજન દ્વારા વધે છે.

13. શ્રેણીઓનાં સમૂહને ..... કહે છે.
(A) જાતી (B) સૃષ્ટી (C) વર્ગ (D) સમુદાય

14. સેપીન્ડેલસ શબ્દ શું સૂચવે છે ?
(A) મેન્ગીફેરા ઇન્ડીકાની શ્રેણી
(B) ટ્રીટીકમ એસ્ટીવમનું કુળ
(C) મેન્ગીફેરા ઇન્ડીકાનું કુળ
(D) ટ્રીટીકમ એસ્ટીવમની શ્રેણી

15. માછલી, ઉભયજીવી, સરીસૃપ, વિહગ અને સસ્તન માટે શું યોગ્ય છે ?
(A) બધા અલગ-અલગ સમુદાયનાં વર્ગક છે.
(B) દરેકનો એક જ વર્ગમાં સમાવેશ થાય
(C) દરેક એક જ સૃષ્ટીનાં વર્ગક છે.
(D) બધા અલગ-અલગ સૃષ્ટીનાં વર્ગક છે.

16. સાચી જોડ શોધો :

Column I	Column II
(1) સોલેનેસી	(A) જાતી
(2) ફેલીસ	(B) પ્રજાતી
(3) ટયૂબરોઝમ	(C) કૂળ
	(D) શ્રેણી

(A) (1-C),(2-D),(3-A)
(B) (1-B),(2-A),(3-C)
(C) (1-D),(2-B),(3-C)
(D) (1-C),(2-B),(3-A)

17. જાતીથી સૃષ્ટી તરફ જતાં વર્ગકનો સાચો ક્રમ ક્યો છે?
(A) જાતી→પ્રજાતી→શ્રેણી→કૂળ→વર્ગ→સમુદાય→સૃષ્ટી
(B) જાતી→પ્રજાતી→કૂળ→શ્રેણી→વર્ગ→સમુદાય→સૃષ્ટી
(C) જાતી→શ્રેણી→કૂળ→પ્રજાતી→સમુદાય→વર્ગ→સૃષ્ટી
(D) જાતી→કૂળ→શ્રેણી→વર્ગ→સમુદાય→પ્રજાતી→સૃષ્ટી

Gyanmanjari Career Academy - Sample Copy

18. Process occurs during metabolism
(A) Conversion of energy
(B) Only catabolic process.
(C) Only anabolic process
(D) Only physical process.

19. Phylum of Insecta.
(A) Chordates (B) Diptera
(C) Arthropoda (D) Musca

20. Choose correct one.
(A) Species name should be written in capital letters always.
(B) The first word in biological name represents species.
(C) Solanum and Panthera indicates species
(D) Human beings belong to the species sapiens which is grouped in the genus homo.

21. Order of Mammalia.
(A) Sapindales (B) Carnivora
(C) Poles (D) Polemoniales.

22. Changes takes place in cells on the basis of specific functions its called.....
(A) Growth (B) Development
(C) Differentiation (D) Cell division

23. In following which sentence is incorrect ?
(A) Genus : group of closely related species
(B) Family : group of related genera
(C) Order : group of family
(D) Sub class : group of family

24. Cat is included in which family ?
(A) Canidae (B) Hominidae
(C) Muscidae (D) Felidae

25. *Musca domestica* is a scientific name of
(A) Housefly (B) Human (C) Mango (D) Dog

26. X - Mountains, boulders and sand mounds do grow even they are non-living
Y - Growth is character of only non-living.
(A) X-Y correct
(B) X-Y incorrect
(C) X - correct, Y - incorrect
(D) X - incorrect, Y - correct

27. All biochemical process which occur in organism body is called.....
(A) Death (B) Development
(C) Reproduction (D) Metabolism

28. ..... is group of closely related species.
(A) Family (B) Kingdom (C) Class (D) Genus

29. Genus of potato and Brinjal
(A) Panthera (B) Solanum
(C) Mangifera (D) Polemoniales

18. ચયાપચય ક્રિયા દરમ્યાન થતી ઘટના
(A) ઉર્જાનાં રૂપાંતરણો (B) માત્ર અપચય ક્રિયા જ
(C) માત્ર ચય ક્રિયા જ (D) માત્ર ભૌતિક ક્રિયા જ

19. કિટક વર્ગનો સમુદાય
(A) મેરૂદંડી (B) ડિપ્ટેરા (C) સંધિપાદ (D) મ્યુસ્કા

20. સાચું શોધો :
(A) જાતીનું નામ હંમેશા મોટી લિપિમાં જ હોય છે.
(B) વૈજ્ઞાનિક નામમાં જાતી પદ સૌ પ્રથમ લખાય છે.
(C) સોલેનમ અને પેન્થરા જાતી સૂચવે છે.
(D) માનવની જાતી સેપિયંસ છે, જે હોમો પ્રજાતીમાં આવે છે.

21. મેમેલીયાની શ્રેણી
